**–:: આંક–૧ અન્વયે હુકમ ::–**

**ફોજદારી કેસ નં.૫૧/૨૦૨૬**

**–:: હુકમ ::–**

**૧)** સદર કામ આજરોજ લોક–અદાલત હોય સ્પેશીયલ સીટીંલ સંદર્ભે હાથ ઉપર લીધેલ હોય ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,સદર કામના ફરીયાદ દ્વારા હાલના આરોપીઓ સામે ધી કોન્ટ્રાકટ લેબર(નીયમન અને નાબુદી)એકટ અને કોન્ટ્રાકટ લેબર (નીયમન અને નાબુદી) નીયમોના **નીયમ– ૭૪,૨૧(૪),૭૨,૭૩,૧૮(૩),કલમ – ૯(એ)** ના ભંગ અન્વયે ધી કોન્ટ્રાકટ લેબર (નીયમન અને નાબુદી) એકટની કલમ – ૨૩/૨૪ હેઠળ શિક્ષાને પાત્ર ગુના સંદર્ભેની ધોરણસર ફરીયાદ આ અદાલતમાં દાખલ કરતાં આરોપીઓને તે સદર્ભે સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ. આરોપીને સમન્સ બજી જતા આરોપીનં. – ૩ જાતે તથા આરોપી નં. – ૧ અને ૨ વતી ઓથોરીટી સાથે સદર કામે હાજર થયેલ હોય અને આરોપી દ્વારા ગુનાની કબુલાત પુરસીસ રજુ રાખેલ છે અને તેમાં જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છાએ અને રાજીખુશી થી પોતાનો ગુનો કબુલ છે, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહી કરે તેવી ખાત્રી આપેલ છે અને રહેમ રાખી ઓછાંમાં ઓછી શીક્ષા કરવા અરજ કરેલ છે.

**૨)** આરોપીઓ એ ગુના ની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વીરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતા આરોપીઓ પોતાને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે, ત્યારબાદ આરોપી ની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમા પણ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે, આમ આરોપી સ્વૈચ્છીક રીતે પોતાનો ગુનો કબુલ કરતા હોવાનુ જણાય છે.

**૩)** ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત લક્ષમાં લેતાં તેમજ આરોપી/આરોપીઓ એ કરેલ રજુઆત મુજબ તેને પોતાના ગુના બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય અને અગાઉ કોઈ ગુનો ન કરેલા નુ આરોપી દ્વારા જણાવેલ હોય, આમ, ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા આરોપીને શીક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શીક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવીશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વીરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.–૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંત લક્ષમાં લેતા, અને આરોપીઓ દ્વારા કરેલ કબુલાતને લક્ષમાં લેતા હાલના આરોપી વીરૂધ્ધ ગુનો સાબીત થયેલ છે, તેમજ તેની રજુઆત ને તથા આજરોજ લોક–અદાલત હોય અને ઉપરોકત હકીકતો લક્ષમાં લઈ ન્યાય ના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧) સદર કામે આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે કોન્ટ્રાકટ લેબર (નીયમન અને નાબુદી) નીયમોના નિયમ– ૭૪,૨૧(૪),૭૨,૭૩,૧૮(૩),કલમ – ૯(એ) ના ભંગ અન્વયે ધી કોન્ટ્રાકટ લેબર (નીયમન અને નાબુદી)એકટની કલમ–૨૩/૨૪ હેઠળ તકસીરવાન ઠરાવીને દરેક <u>આરોપીને દરેક નીયમ/કલમ ના ભંગ બદલ રૂપીયા ૧,૦૦૦/– (એક હજાર પુરા) લેખે કુલ રૂપિયા ૬,૦૦૦/– (છ હજાર પુરા) દંડ ની સજા ફરમાવુ છું</u> અને જો દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવા નો આથી હુકમ કરવામાં આવે છે.આરોપી નં. – ૧ અને ૨ વતી આરોપી નં. – ૩ નાએ દંડ ભરવો.**

**<u>૨) આરોપીએ કુલ રૂપીયા ૧૮,૦૦૦/– (અઢાર હજાર પુરા) દંડ ભરવો.</u>**

**હુકમ આજરોજ તારીખ ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.**
**સુરત.**

**(હાર્દિક દીલીપભાઈ રાજપુરા)**
**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**એન્ડ લેબર જજ, કોર્ટ નંબર–૪**
**સુરત.**
**(CODE NO.GJ01291)**